


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૫૩ મે - ૨૦૨૪ પત્ર - ૧૨૯

## માતૃદિન નિર્ગમન ૨:૧-૧૦




વર્ષ દરમિયાન મે મહિનાના બીજા રવિવારે માતૃદિનની ઉજવણી થાય છે. તે ખૂબ જ પ્રશંસનીય છે. મંડળીઓમાં ભજનસેવામાં આ દિવસની ઉજવણી ખૂબજ ભાવિક અને અલગ પ્રકારનું વાતાવરણ ઉભું કરે છે. જેના દ્વારા માતાઓના પ્રેમ અને બલિદાનને સમજી શકાય છે. વિશેષ બાળકો કે જેઓ નાના હોય કે મોટા પરંતુ તેઓના જીવનમાં રહેલ માતાના અમૂલ્ય ફાળાને તેઓ સમજી શકે છે.

બાળકના જન્મથી તેઓના ઉછેર, સંભાળ, શિક્ષણ, વિકાસ, ઘડતર, પ્રગતિ વિગેરેમાં જુદા જુદા સમયે ઘણી વ્યક્તિઓનો ફાળો હોય છે. પરંતુ તેઓ સર્વમાં માતાનો ફાળો ખૂબ જ અમૂલ્ય, સર્વશ્રેષ્ઠ કે જેને કોઈની સાથે સરખાવી ના શકાય તેવો હોય છે. એટલા માટે જ 'મા' માટેની કહેવતો છે કે 'મા તે મા બીજા વગડાના વા', 'જનની જોડ સખી નહી જડે રે...' વિગેરે.

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં 'મા' ના ઘણા પાત્રો છે જેના અભ્યાસથી ઘણું સમજી શકીએ છીએ. નિર્ગમન ૨:૧-૧૦ વચનોમાં આવા જ એક માતા વિશેના જીવન સંબંધી જાણી શકાય :છે. જે માતા પોતાના બાળકને જીવંત રાખવા ખૂબ જ હિંમત દર્શાવે છે.

મિસરની ગુલામીમાં ઈસ્રાએલીઓ વિશેષ વધતા ગયા જેથી રાજાએ ફરમાન કર્યું કે હિબ્રુ સ્રીને નર બાળક જન્મે તેને નદીમાં ફેંકી દેવો. આ સમયે હિબ્રુ સ્રીને નર બાળકનો જન્મ થયો જેનું નામ મૂસા જણાવેલ છે. જેને બચાવવા બીક વિના સંતાડી રાખે છે.

માતા તરીકે રાજાની જે આજ્ઞા હતી તેની બિલકુલ પરવા કર્યા વિના પોતાના બાળકને સંતાડી રાખે છે. માતા પોતાના બાળકના બચાવ-રક્ષણ કરવા માટે હિંમત રાખે છે. રાજાની બીક, ડર અને ભય રાખતી નથી. આ માતાનું હૃદય છે.

પોતાના ઘરે વધારે સમય સંતાડી રાખવા અશક્ત હોવાથી તેના બચાવ માટે અન્ય આયોજન - યોજના કરે છે. એક પેટી બનાવી નદીને કાંઠે બરૂઓ મધ્યે મૂકે છે. પોતાના બાળકની સંભાળ, રક્ષણ અને બચાવ માટે સતત વિચારતા યોજનાઓ કરે છે.

હા, વ્હાલાઓ માતા પોતાના બાળકના રક્ષણ અને સર્વાંગી વિકાસ માટે બાળક ઉદરમાં હોય છે ત્યારતી જ યોજનાઓ કરે છે. બાળક નાનું હોય અને તેને કોઈ બીક લાગે ત્યારે છાતીએ ગોદમાં લઈ સંભાળ લે છે. શારીરિક રીતે થતા કોઈ પણ જોખમ-નુકસાનથી બચાવવા પ્રયત્નશીલ હોય છે. બાળક જેમ જેમ મોટું થાય છે તેમ તેમ નૈતિક શિક્ષણ એટલે કે ભલા-ભૂંડા સંબંધીનું પણ શિક્ષણ આપે છે. પ્રભુમય અને ઈશ્વરની બીકમાં ઉછેર કરે છે. પોતાના બાળકની નાની-મોટી સર્વ બાબતોની ચિંતા રાખે છે. સંત ઓગસ્ટીન અને રેવ. જોનવેસ્લીના જીવનમાં એમના માતાનો ફાળો જોઈ શકીએ છીએ. મૂસાના માતાએ મૂસાની પણ કોઈ પણ પ્રકારની બીક વિના રક્ષા કરી એ મૂસા ઈસ્રાએલને ગુલામીમાંથી છોડાવનાર બને છે.

સર્વ વ્હાલા બાળકોએ પોતાના જીવનમાં પોતાની માતાના પ્રેમ અને તેના ત્યાગ-બલિદાનને હંમેશા યાદ કરી માતાને સન્માનિત કરવા જોઈએ અને તેમનો ફાળો સફળ થાય માટે દરેક બાળકે પ્રભુમય અને પ્રભુને મહિમા આપતું તથા સર્વ રીતે વિકાસવાળું જીવન જીવવું જોઈએ અને એ રીતે માતાને સન્માન મળે માટે તેવું જીવન જીવવું જોઈએ.

---

### જાહેરાતો

- તા. ૧૨-૫-૨૪ રવિવારની ભજનસેવામાં માતૃદિનની ઉજવણી કરવામાં આવશે. કુટુંબ સાથે ચર્ચમાં હાજરી આપશો.
- તા. ૧૯-૫-૨૪ રવિવારના રોજ 'પચાસમાના પર્વ' તરીકે સાંજના ૬-૦૦ કલાકે અમદાવાદ પાળક મંડળ દ્વારા ઉજવણી થશે.
- સ્થાનિક ચર્ચમાં તા. ૧૯-૫-૨૪ રવિવારે પેન્ટીકોસ્ટ સન્ડેની ભજનસેવા થશે.
- આ વર્ષે અમદાવાદ પાળક મંડળની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થતા હોવાથી દરેક ચર્ચમાંથી ૭૫ વર્ષ પૂર્ણ થયા હોય તેવા સર્વ સભ્યોને સન્માનિત કરવાના હોવાથી આપણા ચર્ચના સર્વ કારભારશ્રીઓને વિનંતી છે કે તમારા વિસ્તારના ૭૫ વર્ષથી ઉપરના સભ્યોની યાદી બનાવી પાળકને આપશો.
- ગરમીના સમયમાં સર્વ એકબીજા માટે પ્રાર્થના કરશો. વડીલો-બાળકો માટે ખાસ પ્રાર્થના કરશો.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૪-૨૪ અમદાવાદ રાયખડ વિસ્તાર પાળક મંડળના ખાસ ગેટ ટુ ગેધર કાર્યક્રમમાં મેથોડિસ્ટ ચર્ચ રાયખડ, અમદાવાદમાં હાજરી આપી.
- તા. ૬-૪-૨૪ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પાળકોની પ્રાર્થના સંગતમાં કોસા સોસાયટી, ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબની ઓફિસમાં હાજરી આપી. રેવ. સુરેશ મેકવાન સાહેબે વચનની સેવા આપી.
- તા. ૭-૪-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. 'આરાધના' સંબંધી વચન આપ્યું.
- તા. ૧૨-૪-૨૪ શુક્રવારની પ્રાર્થના સંગત ચલાવી.
- તા. ૧૪-૪-૨૪ રવિવારની ભજનસેવામાં 'તૈયાર રહેવા' સંબંધી વચન આપ્યું.

  ભજનસેવા બાદ ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબની આગેવાની, આયોજન અને દોરવણી પ્રમાણે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ આયોજીત કારભારીપણાના સેમિનારમાં સ્થાનિક ચર્ચના આગેવાનો સાથે હાજરી આપી.

  શરૂઆતમાં ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબ દ્વારા આમંત્રિતોનો આવકાર કરી ત્રિએક ઈશ્વરના નામમાં પ્રાર્થના સહ સેમિનારને ખુલ્લો મૂક્યો. રેવ. સુરેશ મેકવાન સાહેબે ટૂંક મનન કરાવ્યું ત્યારબાદ નડિયાદ ડિસ્ટ્રીક્ટના ડિ.સુ. રેવ. સાયમન બ્રેનાર્ડ સાહેબે બાઈબલ આધારિત નાણાંના કારભાર સંબંધી શિક્ષણ આપ્યું. ત્યારબાદ જી.આર.સી. એક્ઝી. સેક્રેટરી રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબે કારભારીઓની સેવાઓ સંબંધી શિક્ષણ આપ્યું. ત્યારબાદ ઓડિટ કમિટી ચેરમેન શ્રી દિપકભાઈ ક્રિશ્ચિયને ઓડિટ કાર્ય સંબંધી સમજ આપી અને કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટરે બેન્ક એકાઉન્ટ સંબંધી સમજ આપી.

  આ સેમિનાર મેથોડિસ્ટ ચર્ચ, અમદાવાદ વેસ્ટ તરફથી સ્પોન્સર કરવામાં આવ્યો હતો.
- તા. ૧૭-૪-૨૪ સવારે ૧૦ થી ૪ સુધી સ્થાનિક ચર્ચના ઈન્ટરનલ ઓડિટ કાર્યમાં હાજરી આપી હતી.
- તા. ૧૯-૪-૨૪ શુક્રવારની પ્રાર્થના મિટીંગ ચલાવવામાં આવી.
- તા. ૨૧-૪-૨૪ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી હતી. આ રવિવાર 'થીઓલોજી સેમીનરી સન્ડે' તરીકે હોવાથી ખાસ પ્રાર્થના આ સંબંધી પ્રાર્થના કરવામાં આવી.

  સાંજે કુલદીપ એપાર્ટ. હાટકેશ્વરમાં શ્રી વિનોદભાઈ એફ. રાઠોરે મકાન ખરીદ્યું તેની અર્પણવિધિ કરવામાં આવી. કુટુંબને અભિનંદન.
- તા. ૨૬-૪-૨૪ શુક્રવારની પ્રાર્થના મિટીંગ ચલાવવામાં આવી.
- તા. ૨૮-૪-૨૪ રવિવારની ભજનસેવામાં 'પ્રભુ તમારામાં વસે છે' સંબંધી મનન હરાવ્યું.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી રૂફીના શાહ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨. | શ્રીમતી રોઝમેરીબેન એ. પેલમોર | બર્થડે | ૧૦૦૦ |
| ૩. | શ્રી સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૪. | શાલીન એસ. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૫. | શ્રી કિશોરભાઈ બી. વાઘેલા | આ.સ્તુ. | ૧૦૦ |
| ૬. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૫૦ |
| ૭. | શ્રી શામીભાઈ એ. ગામડિયા | બર્થડે | ૫૦૦ |
| ૮. | માર્ક બી. જોય | આ.સ્તુ. | ૫૦૦ |
| ૯. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૦. | કુ. સેનીટા પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૧. | કુ. સેલીના એફ. ગોહેલ | બર્થડે | ૫૦૦ |
| ૧૨. | ડેઝીલ ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૧૩. | શ્રીમતી નિકિતાબેન એન. દરજી | આ.સ્તુ. | ૫૦૧ |
| ૧૪. | શ્રી રોયલભાઈ જે. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૫. | શ્રી/શ્રીમતી વિનોદભાઈ એફ. રાઠોડ મકાન ખરીદી શક્યા - અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૬. | શ્રીમતી નિયંતા કે. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) | બર્થડે | ૫૦૦ |
| ૧૭. | શ્રી/શ્રીમતી તનય એસ. વાઘેલા | લ.દિ.નુંદાન | ૫૦૦ |
| ૧૮. | શ્રીમતી પ્રિમાબેન એસ. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | શ્રીમતી પારૂલબેન ઓ. ગામડિયા | બર્થડે | ૫૦૦ |

## BIRTHDATE IN MAY

| | | | |
|---|---|---|---|
| ૧/૫ | મીના બી. બોરકર | ૧૭/૫ | રોહિતભાઈ ફ્રાન્સીસ |
| ૧/૫ | દિપાલી પી. પરિખ | ૧૮/૫ | શરદભાઈ જે. માસ્ટર |
| ૫/૫ | નિલેશ બી. પરીખ | ૧૮/૫ | સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન |
| ૬/૫ | નિપા સી. ચૌહાણ | ૧૯/૫ | ડોનાલ્ડ જી. મેકવાન U.S.A. |
| ૭/૫ | વેલેન્ટીના એફ. ગોહિલ | ૨૦/૫ | આગ્નેશબેન જે. માસ્ટર |
| ૧૦/૫ | એની એ. ક્રિશ્ચિયન | ૨૦/૫ | બેબી આન્યા ઓ. પેટ્રિક |
| ૧૦/૫ | ઉર્મિલાબેન આર. સોલંકી | ૨૨/૫ | ક્રિસ્ટીના એફ. ગોહિલ |
| ૧૫/૫ | જેશન જીમી ડેવિડ | ૨૫/૫ | ઈયાન એ. મહિડા |
| ૧૬/૫ | અરૂણાબેન એસ. ગામડીઆ | ૨૫/૫ | શ્વેતલ ઓ. ગામડિયા |
| ૧૬/૫ | શૌન એસ. ક્રિશ્ચિયન | ૨૬/૫ | નલીન આર. ક્રિશ્ચિયન |
| ૧૭/૫ | મનોજકુમાર સી. ચૌહાણ | ૩૧/૫ | રીયોન આઈ. ખ્રિસ્તી |

## નાણાંકીય અહેવાલ માર્ચ - ૨૦૨૪

| | | |
|---|---|---|
| તા. ૧-૩-૨૪ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૩૪૩૫.૮૮ |
| | બેંક | ૧૦૬૮૫૧૮.૫૯ |
| તા. ૩૧-૩-૨૪ સુધીની | આવક | ૩૪૦૧૭૭.૧૨ |
| | કુલ | ૧૪૧૨૧૩૧.૫૯ |
| તા. ૩૧-૩-૨૪ની બંધ સિલક | | |
| | રોકડ | ૬૦૪૫૬.૦૦ |
| | બેંક | ૧૨૩૦૩૨૩.૫૯ |
| તા. ૩૧-૩-૨૪ સુધીનો | ખર્ચ | ૧૨૧૩૫૨.૦૦ |
| | કુલ | ૧૪૧૨૧૩૧.૫૯ |

શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર